SMOKE FREE ONTARIO

ધુમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમ
ફેબ્રુઆરી 2008

# અધિનિયમ તમાકુના
# છૂટક વેપારીઓને કેવી રીતે અસર કરે છે

(નોંધઃ તમાકુ પ્રદર્શન પ્રતિબંધને લગતી માહિતી સમાવેષ્ટ કરવા
આ હકીકત પત્રક ફેબ્રુઆરી, 2008 માં સુધારવામાં આવ્યું હતું.)

## પશ્ચાદ્‌ભૂ

ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમ, 31 મે, 2006થી અમલમાં આવ્યો. અધિનિયમઃ

- બીજાની પાસેથી મળેલ ધૂમાડાનાં જોખમોથી કામદારો અને લોકોને રક્ષણ આપવા, ઓન્ટારિયોમાં બધાં કામકાજનાં સ્થળો અને બધાં જાહેર સ્થળોમાં ધૂમ્રપાનની મનાઈ ફરમાવે છે.
- વેચાણના સ્થળે તમાકુની પ્રોડક્ટો કેવી રીતે પ્રદર્શિત કરવી અને પ્રોત્સાહન આપવું તેના પર નિયંત્રણ મુકે છે.
- યુવાન લોકોને તમાકુની પ્રોડક્ટોનું વેચાણ કરવા પરનાં નિયંત્રણો મજબૂત કરે છે.

નિયોકતા અને કર્મચારીઓ બંને ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમને સમજે અને તે હેઠળની જરૂરીયાતોનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાની તમાકુના છૂટક વેપારીઓ કાનૂની જવાબદારી ધરાવે છે.
તમાકુની પ્રોડક્ટોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- સિગારેટ
- સિગાર
- સિગારિલો
- પાઈપ-તમાકુ
- ચાવવાની તમાકુ, સ્નફ, વગેરે સહિત અન્ય ખાસ તમાકુ પ્રોડક્ટો

## નવું શું છે

**સિગારેટો અને અન્ય તમાકુ પ્રોડક્ટો પ્રદર્શિત કરવી, હેરફેર કરવી અને પ્રોત્સાહન આપવા પર નિયંત્રણો**

**31 મી, 2008થી અમલમાં આવે તે રીતે, માલની દુકાનમાં તમાકુની પ્રોડક્ટોનું કેવી રીતે પ્રદર્શન, હેરફેર અને પ્રોત્સાહન આપી શકાય તેના પર નવાં નિયંત્રણો છે. તેમાં નવા નિયમો છે, જે ધ્યાનપૂર્વક જોવા જરૂરી છે.**

### પ્રદર્શન

છૂટક માલની દુકનમાં તમાકુની કોઈ પ્રોડક્ટો પ્રદર્શિત કરી શકાશે નહિં. આનો અર્થ એ કેઃ

- તમાકુની પ્રોડક્ટો ખરીદતાં પહેલાં ગ્રાહાકોને તે જે રીતે જોતાં પ્રતિબંધિત કરે તે રીતે સંગ્રહ કરવો જોઈશે. ગ્રાહકો તેની ખરીદી કરે તે પહેલાં તેઓને સિગારેટ કે અન્ય તમાકુ પ્રોડક્ટોની હેરફેર કરવા દેવાની મંજૂરી આપવી નહિં.
- સ્ટોર માલિકોએ સુનિશ્ચિત કરવું જોઈશે કે તમાકુની પ્રોડક્ટો, જેમાં સંગ્રહ ઉપકરણ ખોલવું પડે અને તમાકુની પ્રોડક્ટ જોઈ શકાય તેવી સૂચિવિષયક તપાસ કે અન્ય કોઈ પ્રક્રિયા હાથ ધરતી વખત કે ફરીથી સ્ટોક કરતી વખતે સંભવિત ગ્રાહક સમક્ષ પ્રદર્શિત થાય નહિં.
- વિક્રેતા સંગ્રહ ઉપકરણ ખોલે અને ગ્રાહકને પ્રોડક્ટ આપે તે વખતના ટૂંકા સમય-ગાળાને અધિનિયમની કલમ 3.1 (2) અન્વયે ‘ગણવામાં’ આવતો નથી.
- ***અગત્યનુંઃ સંગ્રહ ઉપકરણમાં તમાકુની પ્રોડક્ટો પ્રદર્શિત કરવાનું કોઈ ઈરાદાપૂર્વક અને ઈરાદ રહિતના કાર્યને અધિનિયમ હેઠળ ચાર્જને અધીન બની શકશે.***

Ontario

### *સ્વીકાર્ય સંગ્રહ*

**સ્વીકાર્ય** તમાકુ પ્રોડક્ટના સંગ્રહ અને વિતરણ વ્યવસ્થાના ઉદાહરણોમાં સમાવિષ્ટ છેઃ

- ઊંચે મુકેલ પાત્રો સુનિશ્ચિત તકરે છે કે તમાકુની પ્રોડક્ટો માત્ર કારકુન જ જુએ છે;
- કાઉન્ટર નીચેના ખાનાં કે કેબિનેટમાં મુકેલ સુનિશ્ચિત કરે છે કે, તમાકુની પ્રડક્ટો માત્ર કરકુન જ જુએ છે;
- એક પેકેજ વ્યવસ્થા, વજનયુક્ત ઉપકરણો;
- પાછળ બેસાડેલ ઉપકરણો, જે આપોઆપ અથવા વજનથી તત્કાલ બંધ થતાં 'ફિલ્પ અપ' ને ઢાંકતાં ટોચના મિજાગરા સાથેની છાજલીઓને આવરી લે છે. આ છાજલીઓ ઊંચાઈમાં 30.5 સે.મી કરતાં (અથવા એક લંબાઈમાં 61 સે.મી (2 ફુટ) કરતાં વધુ મોટી ન હોવી જોઈશે, અને એક જ સમયે એક વખત તે ખુલવી જોઈશે;
- અમુક ભાગમાં ખુલતાં હલકાં ખાનાં અને સિગારેટ પેકેજોની માત્ર પાછલી બાજુ બતાવો;
- માત્ર કારકુન જુએ તેવી તમાકુ પ્રોડક્ટોના કાઉન્ટર પરનાં ઉપકરણો અને ફરતી ટ્રેઓ.

### *અસ્વીકાર્ય સગ્રહ*

**અસ્વીકાર્ય** તમાકુ પ્રોડક્ટના સંગ્રહ અને વિતરણ વ્યવસ્થાના ઉદાહરણોમાં સમાવિષ્ટ છેઃ

- ગેરેજનાં બારણાં જેવા ઢાંકણો, જે તમાકુની પ્રોડક્ટોનાં સમગ્ર કે મોટાભાગને પ્રદર્શિત કરવા ખૂલે;
- જે ગ્રહકોને તમાકુની પ્રોડક્ટોના વિશાળ જથ્થાને પ્રદર્શન જોવાની છૂટ આપવા ખુલતાં મોટા કબાટો;
- આપોઆપ બંધ ન થતાં 'ફિલ્પ ડાઉન' કવરના તળિયાના મિજાગરા સાથેની છાજલીઓને આવરી લેતાં પાછલી બાજુ બેસાડેલ ઉપકરણો અને તે બંધ સ્થિતિમાં પાછળ ઊંચકવામાં ન આવે ત્યાં સુધી ખુલ્લાં રહે છે;
- પડદા;
- બાથરૂમના બારણાં જેવા સમક્ષિતિજ ખસતાં બારણાં.

દરેક સંગ્રહ ઉપકરણમાં રાખેલ ચોકક્સ પ્રકારની તમાકુની પ્રોડક્ટ (ટો) શોધી કાઢવામાં કારકુનને મદદરૂપ થવા, તમાકુ પ્રોડક્ટના સંગ્રહના ઉપકરણની બહારની બાજુ નાની કાપલીઓ રાખવાની છૂટ છે. આ ઓળખ કાપલીઓ પર ભાવની માહિતની રાખવાની છૂટ નથી, આ કાપલીઓમાં:

- શ્વેત પશ્ચાદ્‌ભૂમાં કાળા અક્ષરોનો ઉપયોગ કરવો જોઈશે
- 14 પોઈન્ટ કદના અક્ષરોનો ઉપયોગ કરવો જોઈશે
- લોગો કે રંગો વાપરવાં જોઈશે નહિં
- 2x1 કરતાં (5 સે.મી x 2.5 સે.મી) સોટી હોવી જોઈશે નહિં

## સિગારેટો અને અન્ય તમાકુ પ્રોડકટોના પ્રોત્સાહન પર નિયંત્રણ

તમાકુ પ્રોડક્ટની ચોકક્સ જાત પ્રતિબંધિત કરતી કોઈપણ પ્રકારની પ્રોત્સાહક સામગ્રી પ્રતિબંધિત છે. **પ્રતિબંધિત** પ્રદર્શનોનાં ઉદાહરણો છેઃ

- સુશોભાનાત્મક પેનલો અને બેકડ્રોપ, જે ચોકક્સ જાતની તમાકુ પ્રોડક્ટ દર્શાવે
- પાછળથી પ્રકાશિત કે પ્રકાશિત પેનલો
- પ્રોત્સાહક પ્રકાશ-વ્યવસ્થા
- ત્રિ-પરિણામી પ્રદર્શક વસ્તુઓ

છૂટક વેપારી તમાકુની પ્રોડક્ટોનું વેચાણ કરે છે અને પ્રોડક્ટના ભાવની ગ્રાહકને માત્ર જાણ કરવા, તમાકુ પ્રોડક્ટોના વેચાણનો ઉલ્લેખ દર્શાવતી નિશાનીઓ મુકવાની છૂટ છે. વધુમાંઃ

- નિશાનીઓનું કદ 968 ચોરસ સેન્ટિમીટરથી વધી શકે નહીં
- મિશાનીઓ શ્વેત પશ્ચાદ્‌ભૂ સામે કાળાં અક્ષરોમાં હોવી જોઈશે
- નિશાનીના અક્ષર, છૂટક દુકાનની બહાર બાજુથી કોઈ શકાય નહીં તેવા હોવા જોઈશે
- છૂટક વેપારી, તમાકુ પ્રોડક્ટો અને/અથવા તમાકુ પ્રોડક્ટમાં સહાયક સાધનો દર્શાવતી વધુમાં વધુ ત્રણ નિશાનીઓ મુકી શકે
- નિશાનીઓ દ્વારા તમાકુ સંબંધિત પ્રોડક્ટની જાતની ઓળખ ન આપવી જોઈશે

તમાકુ પ્રોડક્ટ સહાયક સાધનોનું પ્રદર્શન જેમ કે હ્યુમિડોર્સ, પાઈપો, સિગારેટ હોલ્ડરો, સિગાર ક્લિપો અને દિવાસળીઓ, તેને તમાકુની પ્રોડક્ટો અને/અથવા તમાકુની પ્રોડક્ટોની જાત સાથે સંબંધ ન હોય ત્યાં સુધી કરવાની છૂટ છે.

Ontario

## જરૂરી નિશાનીઓ

તમામ છૂટક વેપારીઓએ, દરેક વ્યક્તિને ધૂમ્રપાન કરવાની મનાઈ છે એની જાણ હોવનું સુનિશ્ચિત કરવા, તમામ પ્રવેશદ્વાર, બહાર નીકળવાના માર્ગો, વોશરૂમ, અન્ય યોગ્ય સ્થળોએ *ધૂમ્રપાન કરવું નહીં* એ અંગેની નિશાનીઓ મુકવી જોઈશે.

સિગારેટ અને તમાકુ પ્રોડક્ટોના તમામ છૂટક વેપારીઓએ, વેચણના સ્થળે સ્પષ્ટ દેખાય તે જગ્યાએ મુકવી જોઈશેઃ

- સરકારી આઈ.ડી. નિશાનીઓ
- ઉંમરના નિયંત્રણ અને આરોગ્ય ચેતવણી નિશાનીઓ

જરૂરી નિશાનીના પાટિયા મેળવવાની માહિતી માટે, કૃપા કરીને તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમનો સંપર્ક કરવો.

## છૂટક વેપારીની જવાબદારીઓ

*દેખીતી ઉંમર*
25 વર્ષ કરતાં નાની દેખાતી કોઈપણ વ્યકિતને તમાકુ વેચતાં પહેલાં, છૂટક વેપારીએ ઓળખ માગવી જોઈશે અને વ્યક્તિ ઓછામાં ઓછી 19 વર્ષની ઉંમરની હોવાની ખાતરી કરવી જોઈશે. સ્વીકાર્ય ઓળખમાં વ્યક્તિની જન્મતારીખ સાથેનો તેનો ફોટાગ્રાફ અને તે સરકાર દ્વારા ઈશ્યૂ કરવામાં આવ્યો હોવાનું વાજબી રીતે જોઈએ. કેટલાક ઉદાહરણો છેઃ

- ઓન્ટારિયો ડ્રાઈવરનું લાઈસન્સ
- કેનેટિયન પાસપોર્ટ
- કેનેડિયન નાગરિકત્વ કાર્ડ
- કેનેડિયન સશસ્ત્ર દળ ઓળખ કાર્ડ
- ઓન્ટારિયો દારૂ નિયંત્રણ બોર્ડ ફોટો કાર્ડ

છૂટક વેપારીઓ આરોગ્ય કાર્ડની માગણી કદાચ ન કરે ત્યારે, ગ્રાહક દ્વારા તે રજૂ કરાય અને તેમાં ચિત્ર અને જન્મતારીખ સમાવિષ્ટ હોય તો તેને ઓળખ તરીકે સ્વીકારી શકાય.

*100% ધૂમ્રરહિત*
સમગ્ર મકાન હંમેશા ધૂમ્રરહિત રહે તે જોવાની જવાબદારી મકાન માલિકોની રહે છે.

*બીજા વતીની જવાબદારી*
અધિનિયમની કલમ 3(4) નો અર્થ એ છે કે, માલિકો તેમનાં પોતાના કાર્યો માટે જવાબદાર હોવા ઉપરાંત, તેઓ તેમના કર્મચારીઓનાં કાર્યો માટે જવાબદાર છે.

## અમલ બજવણી

સ્થાનિક જાહેર આરોગ્ય એકમો અધિનિયમ અમલમાં મુકનાર છૂટક સ્તરોનું નિરીક્ષણ કરશે અને તેને લગતી ફરિયાદોની તપાસ કરશે.

## શિક્ષા

અધિનિયમ હેઠળ છૂટક વેપારીઓને સામનો કરવો પડે તેવી વિવિધ શિક્ષાઓ છે. છૂટક વેપારીઓને, તેઓને લાગુ પડતા નિર્દિષ્ટ ગુના સમજવા ધૂમ્રરહિત ઓન્ટારિઓ અધિનિયમનું પુનઃઅવલોકન કરવાની સલાહ આપીએ છીએ. કેટલીક સજાઓને પરિણામે આપઓઆપ પ્રતિબંધ આવી શકે.

Ontario

## તમાકુ વેચાણ ગૂના અને સ્વંય પ્રતિબંધોઃ
## તમાકુ પ્રોડક્ટોનું વેચાણ, સંગ્રહ કે સ્વીકાર કરવો નહીં

ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમ અન્વયે પ્રતિબંધિત કેટલીક પ્રવૃત્તિઓને 'તમાકુ વેચાણ ગુના' તરીકે વર્ગીકૃત કરી છે. આમાં સમાવિષ્ટ છેઃ 19 કરતાં ઓછી ઉંમરની કોઈ વ્યકિતને તમાકુ વેચવી કે પૂરી પાડવી; 25 કરતાં ઓછી ઉંમરની દેખાતી કોઈ વ્યક્તિ પાસેથી ઓળખ માગવામાં નિષ્ફળતા; આદેશાત્મક સરકારી આઈડી અને આરોગ્ય ચેતવણી નિશાનીઓ મુકવામાં નિષ્ફળતા; યોગ્ય આરોગ્ય ચેતવણીઓ વિના તમાકુ વેચવી; કેટલીક પ્રવૃત્તિઓ જે તમાકુ કર અધિનિયમ અન્વયે ચિહિત કર્યા વગરની સિગારેટો વેચવા સાથે સંબંધિત હોય.

5 વર્ષના સમય-ગાળામાં નિર્દિષ્ટ સ્થળે તમાકુ વેચાણના ગુવા માટે બે કે વધુ વખત તકસીરવાર કરેલ હોય તો, તે સ્થળ કામચલાઉ 'સ્વયં પ્રતિબંધિત' થઈ શકશે. સ્વયં પ્રતિબંધને અધીન સ્થળે કોઈપણ તમાકુનું વેચાણ કરાશે કે સંગ્રહ કરાશે નહિં અને કોઈ જથ્થાબંધ કે વિતરક તે સ્થળે તમાકુ મોકલાવી શકશે નહિં. તમાકુ વેચાણના ગુનાઓ માટે તકસીરવાર કર્યાની સંખ્યાના આધારે સ્વયં પ્રતિબંધ 6 થી 12 મહિના રહે છે.

છૂટક વેપારીઓએ આ શિક્ષા અંગે વધુ સમજવા ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમની કલમ 16 જોવાની સલાહ અપાય છે.

## ગુના

જે વ્યક્તિ કાયદાના વિભાગ 3.1 નું ઉલ્લંઘન કરે તેને 250 ડોલરનો ટિકિટ લાગુ થશે. વધુ સંગીન ગુનાઓમાં જ્યાં સમન્સ સામેલ હોય ત્યાં વધુ સજાની રકમ લાગુ થઇ શકે છે. કોર્પોરેશનને પ્રથમ ગુના માટે મહત્તમ 10,000 ડોલરનો સજા અને ત્રણ કે વધુ ગુના માટે 150,000 ડોલરનો સજા થઇ શકે છે. કોઇ વ્યક્તિને પ્રથમ ગુના માટે મહત્તમ 4,000 ડોલરનો સજા અને ત્રણ કે વધુ ગુના માટે 100,000 ડોલરનો સજા થઇ શકે છે.

## વધુ માહિતી માટે

આ માહિતી-પત્રક માત્ર ત્વરિત સંદર્ભ માટે છે. વધુ માહિતી માટે કૃપા કરીને તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમનો નીચેના સરનામે સંપર્ક કરવોઃ

તમે વિના મૂલ્યનો ફોન કરીને પણ માહિતી મેળવી શકશોઃ
- **ઈન્ફોલાઈન** 1-866-396-1760
- **TTY** 1-800-387-5559

કામકાજના કલાકો : સોમવારથી શુક્રવાર, સવારના 8:30 – સાંજના 5:00
ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમ અંગે વધુ માહિતી માટે, ઓન્ટારિયો આરોગ્ય પ્રોત્સાહનના મંત્રાલયની વેબસાઈટ www.ontario.ca/smokefree ની મુલાકાત લો.

આરોગ્ય પ્રોત્સાહનના મંત્રાલયની અને જાહેર આરોગ્ય એકમો કાનૂની સલાહ આપી શકે નહીં અને આ માહિતી-પત્રકનું કાનૂની સલાહ તરીકે અર્થઘટન કરવું નહીં. તમારે કાનૂની સલાહ જોઈતી હોય, તો તમારે તમારા વકીલની સલાહ લઈ શકશો.

Ontario